


## સલામી સવારની..

*વરસના વચલે દિવસે આવા ઢોંગ થાય છે,*
*ફોગટ જાય છે નાણા, ગુરુ વિના રોગ થાય છે.*
*આપી ધો એક યોગ શિક્ષક શાળાના જૂથો દીઠ -*
*નેતાઓને તો આ બ્હાને પ્રચારનો 'યોગ' થાય છે...*

### હાઈકુ

*બોલ્યા વિના જ*
*મળી જાય કેમેરા -*
*આંખ મીંચીને...*

*ચાલે બાબાની,*
*યોગ દૂકાન પણ -*
*તંત્રને ટેકે...*

## ચિંતન

*પુત્રે ગુણવતિ કુટુમ્બિનઃ સ્વર્ગઃ ।*

ઉપરોક્ત શ્લોક ચાણક્યસૂત્રમાંથી લેવામાં આવેલ છે.

ગુણવાન પુત્ર પરિવાર માટે સ્વર્ગ સમાન છે.

સદ્‌ગુણી પુત્ર પરિવારની ઘણી બધી કાળજી અને દેખરેખ રાખે છે અને મોભી સમાન ફરજ બજાવે છે. આથી, પરિવારને સ્વર્ગ સમું સુખ સાંપડે છે.

અને કેટલાક પુત્રો પદ - પૈસા અને પત્નીના બહેકાવ્યા પરિવારને છેદ દઈને કુટુંબના કટકા કરી નાખે પોતાનું કર્તવ્ય સમજ્યા - બજાવ્યા વિના માત્ર સ્વાર્થ ઉપભોગમાં ખોવાઈ વિનાશનો માર્ગ પસંદ કરે છે.

## સુવિચાર

- સારા શબ્દ બોલતા ન આવડે તો કંઈ નહીં,
  સારા શબ્દ ઝીલતા આવડે તો જીવન ધન્ય થઈ જશે - **એસ. ભટ્ટાચાર્ય**
- શીશા ઔર રિશ્યા દોનો નાજુક હોતે હૈ,
  પર દોનોં મેં અંતર યહીં હૈ કિ શીશા ગલતી સે ટૂટ જાતા હૈ ઔર રિશ્તા ગલતફહમી સે - **અહમદ નૂરાની**
- આભાર નીયે 'આભા' હોવી જોઈએ - **રીઝવાન ગુજરાતી**
- પુસ્તકની પસ્તી ના થવી જોઈએ અને પસ્તીમાં પુસ્તક ના જવું જોઈએ - **સુરેશ દલાલ**
- અહીં આવી અમારી જેમ મનમાની કરી તો જો,
  ખુશી કેવી મળે છે કોઈનું પણ દુઃખ હરી તો જો - **આતિશ પાલનપુરી**
- એવા ઉમદા કામ કરીએ, એવા શૌર્ય ભર્યા કામ કરીએ કે
  આપણને લઈ જતાં મૃત્યુને ગર્વ થાય - **શેક્સપિયર**
- આજનું ઔષધ : બટેટાનો રસ કાઢી લીંબુનો રસ ભેળવી ચહેરા પર લગાડવાથી તડકાને કારણે પડેલી ત્વચાની કાળાશ દૂર થાય છે. **(સંકલન : દિપક વી. આશરા)**

## બોધકથા

સંતે શિષ્યોને પૂછ્યું કે જયારે બે માણસ એકબીજા પર ગુસ્સો કરે છે ત્યારે જોર જોરથી બુમો શું કામ પાડે છે? એક શિષ્યે કહ્યું, 'આપણે મનની શાંતિ ખોઈ નાખીએ છીએ એટલે જોરથી વાતો કરી ગુસ્સો પ્રદર્શીત કરીએ છીએ.' સંતે કહ્યું, 'એવું નથી, જયારે બે માણસ એકબીજાથી નારાજ હોય છે ત્યારે એમના દિલ વચ્ચેનું અંતર વધી જાય છે. હવે જો અંતર વધે તો અવાજ પહોંચવા માટે મોટો અવાજ હોવો જરૂરી થઈ જાય છે. અંતર જેટલું વધારે એટલું જોરથી બોલવું પડશે. બે માણસના દિલની વચ્ચેનું આ અંતર જ તેમને ગુસ્સામાં મોટે મોટેથી બોલવા મજબૂર કરે છે. જો બે માણસ વચ્ચે પ્રેમ હોય તો તેઓ આરામથી તથા ધીરે ધીરે વાત કરતા હોત. પ્રેમ દિલને નજીક લાવે છે. અને નજીક હોય તો અવાજ મોટો કરવાની જરૂરત ન પડે. જો પ્રગાઢ પ્રેમ હોય તો હોઠથી બોલવાની પણ જરૂરત ન પડે. એકબીજાની આંખમાં જ જોઈને સામેનાની વાત સમજાઈ જાય છે. માટે જો ચર્ચા કરો તો અંતર ન વધવા દો. તથા શાંત મન અને ધીમા અવાજમાં જ વાત કરવી.'

# યોગઃ કર્મસુ કૌશલમ્

**તંત્રીસ્થાનેથી...**

આજે આંતરરાષ્ટ્રીય યોગ દિવસ. ભારતીય જીવન પદ્ધતિની શ્રેષ્ઠ બાબતોમાં યોગ સાધનાનું આગવું સ્થાન છે. હજારો વર્ષોથી આપણા ઋષિમુનિઓએ વિકસાવેલું આ વિજ્ઞાન ધીરે ધીરે ધર્મનું અંગ બની ગયું છે. આપણે પ્રકૃતિનાં તત્વોને પ્રણામ કરીએ છીએ. સૂર્ય પ્રકૃતિ સહિત તમામ જીવસૃષ્ટિનો જીવનદાતા છે, એ સત્ય ભારતીય મનીષીઓને ઘણું વહેલું લાધ્યું હતું. એથી સ્તો આપણે એને ફક્ત ગ્રહમંડળના નાયક કરતાં વિશેષ એવું દેવતાનું સ્વરુપ આપી દીધું. યોગાસનોમાં સૂર્યનમસ્કારનું વિશેષ મહત્ત્વ છે. અને એકાક્ષરી છતાં સર્વાશ્લેષી ૐ કાર મંત્રમાં પણ સૂર્યત્વનો જ સાક્ષાત્કાર છે. ભારતીય સનાતન ધર્મમાં તો જે કોઈ ઉપયોગી કે શક્તિશાળી તત્વ લાગે એને દેવતા સમજી પૂજવાની પ્રથા પડી ગઈ. અલબત્ત, શ્રધ્ધા સાથે જ અંધશ્રદ્ધાનો દોર પણ શરુ થઈ ગયો. પરિણામે યોગ જેવી સંપૂર્ણ વૈજ્ઞાનિક જીવનોપયોગી ક્રિયા સામે પણ પાશ્ચાત્ય કેળવણી મેળવી પ્રબુદ્ધ બનેલા વર્ગોમાં શંકા-કુંશકા પ્રવર્તવા માંડી હતી. યોગ એ આરોગ્યની ગુરુકિલ્લી છે, એવો પ્રચાર કરવાને બદલે અને માત્ર હિંદુ ધર્મની પૂજા પદ્ધતિ અને આત્મસાક્ષાત્કારની આધ્યાત્મિક સાધનાનું જ લેબલ લાગી ગયું. એના વૈજ્ઞાનિક સ્વરુપની ઉપેક્ષા જ થતી રહી, માત્ર એનું આધ્યાત્મિક સ્વરુપ જ પ્રચારમાં રહ્યું. કુંડલિની જાગ્રત કરનારા સાધુ મહાત્માઓના અનુયાયીઓ પૂરતું. અલબત્ત, યોગની ટૂંકી અને સચોટ વ્યાખ્યા તો આટલી જ : યોગ કર્મસુ કૌશલમ્ । મજૂર એક ચિત્તે મજૂરીનું કામ કરે તો તે પણ યોગ છે. પણ પતંજલિ જેવા મનીષીએ જે વૈજ્ઞાનિક યોગ પદ્ધતિ વિકસાવી હતી એનો વહેવારું અમલ કરી બતાવવાનું શ્રેય બાબા રામદેવને જાય છે. એમના પૂર્વસૂરિઓમાં ઘણા બધા મહાયોગીઓએ યોગના પેલા આધ્યાત્મિક અંગને જ વધારે મહત્ત્વ આપ્યું છે. મહર્ષિ દયાનંદ સરસ્વતી હઠયોગ અને અષ્ટાંગયોગના અભ્યાસી હતા. યોગબળથી જ એમણે એકલા હાથે અનેક પહેલવાનો અને ગુંડાઓને સીધા કર્યા હતા. મહર્ષિ મહેશ યોગીએ યોગને વધુ વ્યાપક અને એકેડેમિક સ્વરુપે વિશ્વભરમાં પ્રચાર-પ્રસાર કર્યો. પરંતુ મહર્ષિ અરવિંદ માટે યોગ એ અતિમનસના અવતરણનું જ માધ્યમ બની રહ્યો. બાબા રામદેવ કરતાં પણ વધુ ખ્યાતિ મેળવનારા ઓશો રજનીશો યોગ અને ધ્યાનના વિશિષ્ટ પ્રયોગો કરી મનુષ્યની ચેતનાને જુદો જ આયામ બક્ષ્યો. સંભોગથી સમાધિ સુધીની અલૌકિક અનુભૂતિની રજૂઆત કરી એમણે પ્રસ્થાપિત પરંપરાગત મૂલ્યોને પણ પડકાર્યા. બાબા રામદેવનો યોગ એવી અંતર્યાત્રા કરતાં સવિશેષ શારીરિક વ્યાયામ બની રહે છે. પરંતુ જનસાધારણ માટે આ જ બાબત જ વધુ અગત્યની છે. યોગ ભગાવે રોગ. જો યોગની કેટલકી સહેલી પ્રણાલીઓ અપનાવવાથી હૃદયરોગના હુમલાથી બચી શકાતું હોય, બલકે કેન્સર જેવા અસાધ્ય રોગ પણ અટકાવી કે મટાડી શકાતા હોય તો એથી વધુ રૂડું શું હોઈ શકે? બાબા રામદેવે એમની સાવ જ દેશી અને ગામઠી શૈલીમાં આ પ્રકારના યોગને દુનિયાભરમાં પ્રચારિત કર્યો અને એમાંથી અબજો રૂપિયાની કમાણી કરી. વડાપ્રધાન નરેન્દ્ર મોદી બાબા રામદેવના પરિચયમાં આવ્યા એ પહેલાંથી યોગસાધના કરતા હતા. એમના પ્રયત્નોથી ભારતીય 'યોગ' ને આંતરરાષ્ટ્રીય પ્રતિષ્ઠા સાંપડી, તેનું દરેક ભારતીયને ગૌરવ હોવું જોઈએ. જો કે જે રીતે યોગને રાજકીય દુરુપયોગ થતો રહ્યો છે, એ જરૂર ચિંતાનો વિષય ગણાય. નીતીશકુમાર કહે છે તેમ યોગ અંગત સાધના રહે તે વધારે ઉચિત છે. સરકાર એને પ્રોત્સાહન આપે તે જરૂરી છે. પરંતુ એની પાછળ ચૂંટણીલક્ષી ફાયદા મેળવવાનું વલણ હોય તો તે બરાબર નથી.

# હોંચી મા ને સંપૂર્ણપણે સમર્પિત થઈ ગયો




સરકારે હવે શાળાઓમાં પણ નવા સત્રથી ૨૧, જૂન, આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ઉજવવાનું શરું કર્યું છે. હું ઉનાળાની રજાઓ ભોગવી ફરજ પર પાછો ફર્યો. નોકરી પર ગયા વર્ષે જ લાગ્યો છું. તેથી મારા ગામથી ઘણો દૂર છું. બા, સમગ્ર રીતે ગ્રામ સંસ્કૃતિ સાથે ઓતપ્રોત થયેલાં છે. તેને અહીંનું શહેરી વાતાવરણ ગમતું નથી. તેમાં વળી ઘડપણ, તેમને એકલાં મુકીને આવતા પણ જીવ નથી ચાલતો. તેથી હું અહીં એકલો રહું છું. પત્નીને બાની સેવા માટે ગામડે રાખેલ. તેણે થોડો સમય તો સેવા પણ કરી. પણ આ વખતે વિદ્રોહનો શંખવાદ કરી દીધો. કલહ ગૃહયુદ્ધમાં પરિણમ્યો તેનું પરિણામ ભયંકર આવ્યું. માં ના પવિત્ર સંબંધને બાજુ પર મુકી પત્નીના સંબંધને મહત્ત્વ આપી તેને મારી સાથે લઈ આવ્યો. થોડા દિવસ મને બેચેની જેવું લાગ્યું. પણ એમ વિચારીને સંતોષ માન્યો કે ચાલો હવે ઘરકામમાંથી તો મુક્તિ મળી ગઈ. નહીંતર રોટલી શાક બનાવવાથી લઈને ઘરની સાફસફાઈ સુધીનું બધું પોતાના હાથે કરવું પડતું હતું. હવે એ બધાં કામ શ્રીમતી આરામથી નિપટાવે છે. હવે મારી પાસે સ્કૂલ ટાઈમ પછી ઘણો સમય બચે છે. તેથી હું મારા પાડોશી જે પહેલવાન છે તેમની સાથે સાંજે વોકિંગ કરવા નીકળી પડું છું. દેશ અને દુનિયાની ઘટનાઓની ચર્ચા કરતા અમે બંને એક નિર્જન સુધી જઈ ત્યાં લીલા ઘાસ પર થોડીવાર બેસીએ છીએ. ત્યાંથી દૂર દૂર ક્ષિતિજ સુધી નજર દોડાવીએ છીએ. પણ કોઈ દેખાતું નથી. કયારેક એક ગધેડી દેખાઈ જતી પણ તે અમને જોઈ શકવામાં સમર્થન ન હતી.

વરસાદનો સમય હતો. વરસાદ વરસવાનો શરુ થયો તો અટકાવાનું નામ જ લેતો ન હતો. કેટલાક દિવસ સુધી ઘરની બહાર નીકળી ન શક્યા. છેવટે મેઘરાજા પોતાની ભગીનીને હરિયાળી ચુંદડી ઓઢાણીને પ્રસ્થાન કરી ગયા. આ તરફ હું અને મારા મિત્ર પહેલવાન સાંજના સમયે મેદાન તરફ નીકળ્યા. ચારે બાજુ નાનાં ખાબોચીયા અને તળાવ પાણીથી છલોછલ હતા. વેળીઓ વૃક્ષો સાથે આલિંગન કરવા આતુર હતી. નાનાં - મોટાં રંગબેરંગી ફૂલો અમારું અભિવાદન કરી રહ્યા હતા. મંદ મંદ પવનની લહેરખીઓ મધુર સ્વર સંભળાવી રહી હતી. આવા મનમોહક વાતાવરણને નિહાળવા અમે આગળ વધી રહ્યા હતા. પણ આજ અમને કોઈ તેની નાની નાની ગોળ આંખોથી જોઈ રહ્યું હતું. બગલા જેવું સફેદ, કપાળ પર મહેંદી જેવો ચાંદલો. નાના અણીદાર કાન. પોતાના શરીરના ભારને વહન કરવા લાયક નાના નાના પગ અને પાછળના પગની વચ્ચે લપાવાની કોશિશ કરતી રૂંવાટીવાળી પુંછડી. ખરેકર એ નાનકડી આકૃતિ ખુબ જ સુંદર લાગી રહી હતી. તેથી પહેલવાને તેને તેડી લીધું. અને કહે 'અરે ! જુઓ જુઓ માસ્તર કેવું વ્હાલું લાગે એવું બચ્ચું છે. તે તેની માં પર ગયું નથી. માં રાખોડી રંગની છે આ તો બિલકુલ ધોળું છે. પછી મારી તરફ જોઈ કહે 'આનું શું નામ રાખીશું ?' પછી પોતે જાતે જ કંઈક વિચારીન બોલ્યા 'હોંચી' નામ કેવું રહેશે?'

મેં માથું હલાવી સંમતિ દર્શાવી. તે સાથે જ તેના નામકરણ સંસ્કાર પૂર્ણ કરી અમે ઘેર પાછી આવી ગયા. વાસ્તવમાં પહેલવાનને માણસો કરતાં પ્રાણીઓ સાથે વધુ લગાવ છે. તેથી તો આજીવન કુંવારા રહ્યા છે. કહે લગ્ન કરીને શું કરવાનું? તમારી પાસે માલ મિલ્કત હોય તો બધાં તમારાં બાકી પત્ની કે પુત્ર કોઈ ભલું થતું નથી. આ મુંગા પ્રાણીઓને થોડુંક કંઈક ખવડાવશો તો પણ એ જિંદગીભર તેનો ગુણ નહીં ભૂલે. તેથી જ તેમણે પોતાના ઘેર કુતરો, બિલાડી, સસલાં અને બીજાં કેટલાંક પ્રાણીઓ પાળ્યા છે. બધાંના એક એકથી ચડિયાતાં નામ રાખ્યા છે.

એવું જ એક નામ 'હોંચી' સામાન્ય ગધેડાંથી અલગ હતું. ઝાડના છાંયડા લંબાવા લાગતાં તે અમારી રાહ જોવા લાગતું. જયાં અમને આવતાં જુએ કે તરત ખુશ થતું અમારી તરફ દોડી આવતું અને ત્યાં આવી અટકી જતું જયાં તેને તેની માં નું સ્મરણ થઈ આવતું. જયારે અમે તેની નજીક પહોંચીએ ત્યારે તે તેની માં તરફ ભાગી જવું અને ત્યાં જઈ પોતાની

**અનુસંધાન પાના નં. ૭ પર**

# એક બીજાની ભુલ જોવા જશો તો એકલા પડી જશો




મીરાંબાઈએ ગાયું છે ને કે "એ રી મેં તો પ્રેમદીવાની, મેરો દર્દ ન જાને કોઈ..." તમારી ગમતી વ્યક્તિ તમારું દર્દ તરત સમજી જશે. જે વ્યક્તિ તમારું દર્દ સમજી ન શકે તે તમારો પ્રેમ પણ નહીં સમજી શકે. એવી વ્યક્તિને વળગી રહેવાનો કોઈ જ મતલબ નથી.

પ્રેમદીવાના અને પ્રેમદીવાનીને કોઈ સમજી ન શકે. પરંતુ તેઓ એકબીજાને તો અવશ્ય સમજી જ શકે અને જો એકમેકને જ ન સમજી શકતા હોય એવી બે વ્યક્તિ વચ્ચે બીજું કશુંક હોઈ શકે, પ્રેમ તો ન જ હોય. કારણ કે પ્રેમની પૂર્વશરત જ એ છે કે સમજણપૂર્વકનો સ્વીકાર. તમને ગમતી વ્યક્તિ જેવી હોય એવી સ્વીકારી લો અને એને સમજવા પણ લાગો એ જ પ્રેમનો પ્રવેશક-આરંભ.

ઘણી વ્યક્તિઓનાં લગ્નજીવન યા પ્રેમજીવન એક સજીવ અને એક નિર્જીવના સરવાળા જેવા હોય છે. ખરેખર તો આવા સરવાળામાં ઘાત જ નીકળવાની. દીવાલ સાથે આખી જિંદગી વાતો કરવાથી તમને હોંકારો પણ સાંભળવા મળવાનો નથી. આથી જ દીવાલથી ઘેરાયેલા રહેવાનો પણ કોઈ અર્થ નથી. ચાર દીવાલની બહાર નીકળીને જુઓ તો ખરા, દુનિયા કેટલી વિશાળ છે અને વ્યાપક છે.

એક સરસ મજાનો પ્રસંગ છે. એક યુગલ પોતાના સંબંધથી અને જિંદગીથી ખુશ હતું. આમ છતા સ્ત્રીને એમ થતું કે તેની કેટલીક ભુલો થતી રહે છે. આથી સંબંધમાં ક્યારેક અડચણ પણ આવે છે. તેને એમ પણ થતું કે તેના સાથી-પુરુષની પણ ભુલો થાય જ છે ને.

આમ છતા સ્ત્રીએ એક દિવસ તેના પાર્ટનરને કહ્યું કે "તમારે મારું એક કામ કરવાનું છે. મારી ભુલોની યાદી બનાવીને મને આપો. એ વાંચીને એમાંથી હું મારી રીતે સુધાર લાવવા પ્રયાસ કરીશ. એ જ પ્રમાણે હું પણ તમારી ભુલોની એક યાદી બનાવીને સાંજે તમને આપીશ. જેના ઉપરથી આપણે ક્યાં ક્યાં સુધરવાની અને આપણા સંબંધમાં ફેરફાર લાવવાની જરુર છે, એ સમજી શકીશું."

> **પ્રેમની પૂર્વશરત જ એ છે કે સમજણપૂર્વકનો સ્વીકાર, તમને ગમતી વ્યક્તિ જેવી હોય એવી સ્વીકારી લો અને એને સમજવા પણ લાગો એ જ પ્રેમનો પ્રવેશક-આરંભ**

સ્ત્રીના સાથીએ તેને સમજાવી અને બોલ્યો કે "આવી રીતે ભુલોની યાદી બનાવવાની કોઈ જરુર નથી. એવું બધું તો ચાલ્યા કરે."

પરંતુ સ્ત્રીએ ખુબ આગ્રહ કર્યો કે "મારે સાંજ સુધીમાં તમારી પાસેથી યાદી જોઈશે. તમારે એ બનાવી આપવી જ પડશે અને હું પણ તમારા વિશે એક યાદી બનાવીને રાખીશ."

સ્ત્રીહઠ આગળ તો કોઈનું ના ચાલે. સાંજે જયારે પેલા સાથી યુવાને સ્ત્રીને મળીને એક કવર આપ્યું તો સ્ત્રી ખુબ ખુશ થઈ ગઈ. તેને એમ કે પોતાની ભુલોની યાદી મળી ગઈ છે. પરંતુ તેના આશ્ચર્ય વચ્ચે કવરમાંથી ભુલોની યાદી ન નીકળી. યાદીના બદલે સાંજના શો-ટાઈમની નવી ફિલ્મની મલ્ટીપ્લેક્સની બે ટિકિટ હતી.

સ્ત્રીને હવે સાથીની ભુલોવાળી પોતે બનાવેલી યાદીનું કવર સાથીને આપવાની હિંમત જ ન ચાલી. તે ફક્ત એટલું જ બોલી શકી કે "યાદીને બદલે આ ફિલ્મની ટિકિટો કેમ?"

યુવાને કહ્યું કે "એવી રીતે તારી કે મારી ભુલોની કોઈ યાદી બનાવવાની ન હોય. જિંદગી આમ જ ચાલ્યા કરે. એકબીજાને ચાહતા હોઈએ ત્યારે એકબીજાને સમજતાં પણ રહીએ અને એકમેકનો સંપૂર્ણ સ્વીકાર પણ કરીએ, એનું નામ જ તો પ્રેમ. એટલે જ આપણે સાંજે ફિલ્મ જોવા પણ જઈશું અને પછી બહાર કોઈ રેસ્ટોરન્ટમાં પણ જઈશું."

સ્ત્રી ક્ષણભર માટે ઝાંખપ અનુભવી રહી. તેને એમ હતું કે પોતે પોતાના સાથીમાં પરિવર્તન લાવે. પોતાને ગમતા બીબાંમાં એને ઢાળવાનો પ્રયાસ નિષ્ફળ રહ્યો. બીજી તરફ સાથી યુવાને તો પોતાની પ્રિય જીવનસાથીને જેવી છે એવી જ સ્વીકારી લીધી હોવાનું પ્રમાણ પણ આપી દીધું.

પ્રેમમાં પરસ્પર આદર, પરસ્પર સ્વીકાર, પરસ્પર સમજણ અત્યંત જરુરી છે. પ્રેમમાં એકમેકને નહીં સમજી શકનાર યુગલને ખુદ સમય જ આપોઆપ અલગ કરી દે છે. પ્રેમ એટલે એકમેકનું સુખ પોતાનું કરવું એટલું જ નહીં, એકમેકનું દુઃખ પણ સમજવું અને વહેંચવું. સમજણ વિનાનો સંબંધ અલ્પજીવી હોય છે.

**સ્ટોપર:**

'ઉસને મેરા હાથ થામા થા, ઉસ પાર જાને કે લિએ,
ઔર મેરી એક હી તમન્ના થી, કભી કિનારા ના આયે.'

# સ્ટોરી મિરરનું રિફલેકશન...!! પરસેવાની સોડમ વચ્ચે પત્ર લખું છું, અત્તર છાંટી વાંચી લેજો બીજું શું ?!

હિન્દી, ઉડિયા અને અંગ્રેજી ભાષામાં શરુઆત થયા પછી હવે ગુજરાતી ભાષા સાહિત્યમાં એક નવું સોપાન સ્ટોરીમિરર રજૂ કરે છે ગુજરાતી ભાષાનાં ૮ ઝળહળતાં નવલાં પુસ્તકોનું વિમોચન.



'ઈન્ટરનેટના માધ્યમમાં 'સ્ટોરી મિરરે' ટૂંકમાં જ સમયમાં ખૂબ નામના મેળવી છે. ઉડિયા, અંગ્રેજી, હિન્દી, મરાઠી પછી જાન્યુઆરીમાં ગુજરાતી વિભાગે પદાર્પણ કર્યું, અને માત્ર પાંચ જ મહિનામાં એનાં લેખકોના સ્વતંત્ર પુસ્તકો અને એ પણ એક બે નહીં પુરા આઠ, એક સાથે વિમોચન થાય... આ અલૌકિક ઘટના આજે સાહિત્ય ક્ષેત્રે થવા જઈ રહી છે...' આર. જે જેવા એકદમ મધૂરા સ્વરમાં પાર્મી દેસાઈએ સાહિત્યના આ પ્રસંગને એકસૂત્રમાં બાંધવા સંચાલન સંભાળ્યું,

'કોલાહલના શહેરમાં કલરવ નહીં મળે,
મીઠી મધુરી વાણીનો વૈભવ નહીં મળે.
જે કંઈ થઈ શકે તે કરી લે આ જનમમાં,
આનાથી રૂડો બીજો અવસર નહીં મળે!'

સ્વાગત શેર બાદ 'સ્ટોરી મિરર'ના સ્થાપકોની વાત અને સંઘર્ષગાથા શરુ થઈ. બીભુ રાઉત, દેવેન્દ્ર જયસ્વાલ અને હિતેશ જૈન એટલે ઈન્ટરનેટની દુનિયામાં ઓન લાઈન સાહિત્ય સર્જન માટે એક નવો આવિષ્કાર. જયારે એમણે એમની વાતો રજૂ કરી ત્યારે ત્યાં હાજર સાહિત્ય સર્જકોના રૂંવાડા ઊભાં થઈ ગયા, જયારે એમણે એમની વાત મુક્તા કહ્યું કે,

'જયારે સાહિત્ય માટે કંઈક ત્યાગ કરવાની વાત આવી ત્યારે અમારા પૈકી એક જણાએ એનું ઘર વેચ્યું, બીજાએ એનું ખેતર વેચ્યું અને આ રૂપિયા 'સ્ટોરી મિરર' થકી સાહિત્ય સર્જનમાં લગાડયાં. શું મળશે? ખબર નથી, કયારે મળશે ખબર નથી? લોકો અમને મુર્ખમાં ખપાવે એવુંય બને... પણ આજે એક જ મંચ પરથી આઠ પુસ્તકો ગુજરાતીના જન્મ લઈ રહ્યાં છે, કહેવાય છે કે કોઈ પણ વિશિષ્ટ કાર્ય કરવા ગાંડપણ જરૂરી છે, અને એમ એ જ કરી રહ્યાં છીએ...'

આ મંચ પરથી જયારે સુરતના કવિયત્રી પ્રજ્ઞા વશીકે જેએ લગભગ સાહિત્યના દરેક પ્રકાર સાથે સંકળાયેલા છે અને તેમના આઠેક પુસ્તકો પ્રકાશિત થયાં છે, અને સાથે 'અધીર અમદાવાદી' એટલે કે દેવાંશુ પંડિત જેમનું 'ચીઝ ઢેબરાં' પુસ્તક અને તેમની કલોમ 'લાતની વાત - વાતની લાત' અને 'કટીંગ વીથ અધીર - બધીર અમદાવાદી' જેવી અફલાતુન વ્યંગ કોલમ ચાલે છે તેઓ આ પુસ્તકોના વિમોચન કરશે.. એમ કહીને પાર્મી દેસાઈએ બે કવિઓના કાવ્ય પઠન અને પછી પુસ્તક વિમોચન એમ ક્રમાનુસાર શરુઆત કરાવી...

આજના પુસ્તકોમાં 'વાર્તાલ્પ' - અલ્પા વસા, 'સેકન્ડ ચાન્સ' એ. જે. મેકર, 'આવરણ' - સ્વાતિ શાહ, 'તિલક - ચંદન' - વિષ્ણુ ભાલિયા, 'અઢી અક્ષરનો વ્હેમ', 'અંતરનો અરીસો' - હિમાંશુ મેકવાન, 'અંતરના ઝરૂખેથી' - જીગીષા રાજ અને 'પ્રેમ-અપ્રેમ' - આલોક બટ્ટ... એક બાદ એક નામ બોલાતું રહ્યું અને શ્રોતાઓ એને તાળીઓથી વધાવતા રહ્યાં.

> **આ કલમને ધાકમાં પણ રાખવી,**
> **કયાંક કોઈ સ્કેમમાં સલવાય, ને...**
> **- રાજુલ ભાનુશાલી**




'સ્ટોરી મિરર'ના ગુજરાતી વિભાગના વડા પ્રતિભા બાજપાઈ ૩૦ વર્ષથી પત્રકારત્વ ક્ષેત્રે છે. હિન્દીમાં ઘણું સર્જન કર્યું હોવા છતાંય પોતાને પત્રકાર તરીકે ઓળખાવાનું પસંદ કરે છે. એમણે વિવિધ પબ્લિશિંગ હાઉસ, ન્યુઝ ચેનલ્સ, મેગેઝીન્સ, રેડિયો, દૂરદર્શન અને ફિલ્મો સાથે જોડાયેલા છે જેઓ ગુજરાતી સાહિત્યના સંપાદકનું કાર્ય સંભાળે છે.

વાર્તા ક્ષેત્રે છેલ્લાં ત્રણ-ચાર વર્ષમાં જેમણે પોતાનું નામ બનાવ્યું છે એવા રાજુલ ભાનુશાલી 'સ્ટોરી મિરર' માં ગુજરાતી વિભાગમાં સબ એડિટરની ફરજ બજાવે છે. એમના ત્રણ સહિયારા ગઝલ સંગ્રહો (સંગતિ, ગઝલ ગઢ, આઝાદ કલમ) ઉપરાંત નિબંધ - પત્ર સાથે અનેક વાર્તા - કવિતા સ્પર્ધામાં વિજેતાનો સ્વાદ ચાખેલો છે. એમણે આ લેખકોની દરેક વૃત્તિને પાને-પાના વાંચી સુધારવામાં મદદ કરેલી છે.

આ ટીમમાં કુંજલ છાયા એટલે એક દિવ્યાંગ દીકરી, જેણે પોતાની ક્ષમતા પર સાહિત્યમાં વ્હાલી થઈ છે. 'ડૉટર ઑફ ગુજરાત' એવોર્ડ મેળવનારી આ છોકરીએ 'હેલો સખી રી' નામની ઈ-સામયિકનું સંપાદન કર્યુંછે. 'કુંજ કલરવ' નામે લખતી રહેતી અને અન્ય દિવ્યાંગો માટે પ્રેરણારૂપ બનતી કુંજલનું પણ આ દરેક પુસ્તકમાં અનોખું યોગદાન છે.

'સ્ટોટી મિરર' ગુજરાતી વિભાગના કો - ઓર્ડિનેટર નીતા કોટેચાના મનન, લેટ મી ફલાય અને ચક્રવ્યૂહ જેવાં ત્રણ સેલેબલ પુસ્તકો છે. આ આઠ પુસ્તકોને એક સાથે મંચ પર લાવી એનું વિમોચન કરવામાં અન્યય ફાળો રહેલો છે... એકંદરે કદીએ તો સ્ટોરી મિરર એ તો વિમેન એમ્પાવરનો શ્રેષ્ઠ દાખલો છે. આવી અને બીજી અનેક રસપ્રદ વાતો સાથે સંચાલક કવિઓને પણ પ્રસ્તુત કરતાં રહ્યા,

ગઝલ પાછળ પાગલ એવા કવિ વિરલ દેસાઈ 'પાગલ'ના શેર 'એ પધારે કે પછી એ ના પધારે, યાદોને કો બારણાં તો ના પછાડે' જેવા દમદાર કવિ સાથે સ્ટોરી મિરરના જ કવિતા ગ્રુપના કવિઓ ભરત વાઘેલા - 'ગજજબ', પૂર્ણિમા ભટ્ટ 'તૃષા', વર્ષા પ્રજાપતિ, કશ્યપ લંગાળિયા - 'કજલ', રવિ દવે 'પ્રત્યક્ષ', શીતલ ગઢવી - 'રાગ', દીપક સોલંકી - 'રહીશ', ગૌતમ પરમાર - 'સર્જક', ડૉ. જિજ્ઞાસા ઓઝા, નીતા ટુંડીયા - 'નવલ', કવિ રૂપેશ - 'જલરુપ' દિપલ ઉપાધ્યાય - 'ફોરમ' અને ખાસ મુંબઈથી આવેલી આર.જે. આરતી સૈયા, જે આકાશવાણી સાથે સંકળાયેલી છે અને એનો કાવ્યસંગ્રહ - 'પુષ્પદીપ' અને લેખ સંગ્રહ 'પારિજાત' બંનેને ગીરા ગુર્જરી એવોર્ડથી સન્માનિત કરાયા છે, એમણે મસ્ત રચનાઓથી શ્રોતાઓને મોજ કરાવી.

ઈન્ટરનેટના માધ્યમથી 'સ્ટોરી મિરર' નવા સર્જકોને પ્લેટફોર્મ આપે એટલું જ કરીને અટકી ન જતા, એમના સંગ્રહો બનાવી પુસ્તક સ્વરુપે પ્રકાશિત કરે એ ઘટના નાની-સુની નથી. નવા અને જાણીતા લેખકો, ગુજરાતી સાહિત્ય ક્ષેત્રે કંઈક કરવા માગતા સૌ સર્જકોને સ્ટોરી મિરર મદદરુપ થવા તૈયાર છે, કલમને ધાર કાઢો અને વિચારો વહેતા મૂકો, બંને કે આવનારા સમયમાં સ્ટોરી મિરર તમારું પુસ્તક પણ પ્રકાશિત કરે!!

**ચૂંટલો :**

કોઈ પણ ક્ષેત્રે નામના મેળવવા પાગલ થવું પડે છે, તમે જયારે કોઈ વસ્તુ-સર્જન પાછળ એકધ્યાન થઈ મચી પડો, ખુંવાર થઈ જાવ, લોકો મુરખમાં ખપાવે, ગાંડો ગણે, પણ જયારે સફળતા અને પ્રસિદ્ધિ મેળવો ત્યારે એ જ લોકો પુષ્પમાળા લઈ સ્વાગત કરશે.

**(શિર્ષક પંક્તિ : ખલીલ ધનતેજવી)**